# કુરાલી પાસે જ્વેલર્સ પિતા-પુત્ર પાસેથી ૧૨ લાખના સોનાના દાગીનાની લૂંટ ચલાવનાર ૬ લૂંટારુ ઝડપાયા

વડોદરા તા.૨૯

બે મહિના પહેલા વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કુરાલીથી ગણપતપુરા ગામ વચ્ચે અજાણ્યા લૂંટારુઓ પિતા-પુત્ર પાસેથી ૧૨ લાખની કિંમતના સોનાના દાગીના લૂંટ ચલાવી ભાગી છૂટ્યા હતા. વડોદરા જિલ્લા એલસીબી પોલીસે ૬ લૂંટારુઓને ઝડપી પાડ્યા છે. વડોદરાના માંજલપુર રહીને સોના-ચાંદીની દુકાન ધરાવતા ઉપેશ મૂળજીભાઈ ગાંધી પોતાના વતન પાણેથા ખાતે પણ પોતાના મકાનમાં સોના-ચાંદીની દુકાન ધરાવે છે. તેઓ દર રવિવારે પોતાના વતન ભરૂચ જિલ્લાના પાનેથા ખાતે સોના ચાંદીનો વ્યવસાય કરવા જતા હતા. જેમાં તારીખ ૨૪ એપ્રિલ ૨૦૨૨ના રોજ રાત્રે પાછા પાણેથાથી નારેશ્વર આવ્યા હતા અને નારેશ્વરથી બાઈક લઈને રાત્રે ઉપેશ મૂળજીભાઈ ગાંધી અને એમના પિતા મૂળજીભાઈ ગાંધી સાથે વડોદરા જઇ રહ્યા હતા, ત્યારે પોણા દસ વાગ્યાના અરસામાં કુરાલીથી ગણપતપુરા રોડ વચ્ચે કેટલાક અજાણ્યા લૂંટારુઓએ સોની ઉપેશ ગાંધીની બાઈક ઉભી રખાવીને ચપ્પુની આણીએ સોના-ચાંદીના દાગીના મળીને કુલ ૧૨ લાખ રૂપિયાની સનસનાટી ભરી લૂંટ ચલાવી હતી. જેની પોલીસ ફરિયાદ કરજણ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ હતી.

વડોદરા જિલ્લા એલસીબી પોલીસેને બાતમીને આધારે રામા ઉર્ફે ટીનો ગોરધનભાઈ માછી ( હાલ રહે. કિશનવાડી, વડોદરા, મૂળ રહે. નાના વાસના તા.ઝઘડિયા), કિશન રામાભાઇ ઉર્ફે ટીનો માછી રહે. કિશનવાડી, વડોદરા, મૂળ રહેવાસી નાના વાસના તા .ઝઘડિયા), ઈરફાન કરીમભાઇ દીવાન (રહે. લીલોડ મહાદેવ ભોળીયા), મનીષકુમાર ઉર્ફે ભુરીયો કાલિદાસ ખ્રિસ્તી (રહે. કિશનવાડી વડોદરા), મનોજ ઉર્ફે મનિયો ગંગારામ મારવાડી (રહે. હરણી રોડ વડોદરા) અર્જુન ઉર્ફે ભોપો સોમાભાઈ માછી (રહે. કિશનવાડી વડોદરા મૂળ રહે. ગંભીરા, બોરસદ)ને ઝડપી પાડ્યા હતા. લૂંટારુઓને કરજણ પોલીસ સ્ટેશનમાં લાવીને તેઓની પૂછપરછમાં સોનાના દાગીના તરસાલી ખાતે રહેતા મહેશ ખુશાલભાઈ પટેલને રામાભાઈ ઉર્ફે ટીનો ગોરધનભાઈ માછીને બે વખત અલગ-અલગ સમયે વેચ્યા હોવાનું કબૂલ્યું હતું.

જેમાં મહેશ પટેલે રામભાઇને દાગીના પેટે ૫,૦૩,૧૫૦ ચૂકવ્યા હતા. જે દાગીના ઓગળીને રણી બનાવી હતી તે બે નંગ રણી પોલીસે કબજે કરી છે અને સોની મહેશ ખુશાલભાઈ પટેલને પોલીસે ઝડપી પાડ્યો છે. જ્યારે ઝડપાયેલા લૂંટારુઓ પાસેથી પોલીસે ચાંદીના દાગીના ૨૬૨૦ ગ્રામ કિંમત ૧૭૫૦૦૦, ૬ મોબાઇલ, ગુનાના કામે વપરાયેલ બાઇક જપ્ત કરેલ છે અને આગળની તપાસ હાથ ધરી છે.

## લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ ગુનો નોંધવા માંગ

# વડોદરામાં મનપાની જગ્યા પર બિલ્ડરે મંજૂરી વગર આરએમસી પ્લાન્ટ ઉભો કરી દીધો

વડોદરા , તા.૨૯

વડોદરા મનપા અને વિવાદ એક સિક્કાની બે બાજુ સમાન દેખાઈ રહ્યું છે. મનપાના અધિકારીઓ એટલી ગાઢ નિદ્રામાં છે કે કોર્પોરેશનની જગ્યા પર કોઈ બાંધકામ માટે ઇસ્ક્ર પ્લાન્ટ ઊભો કરી દે તો પણ કોઈને કશું પડી જ નથી. બસ અધિકારીઓ એસી ઓફિસમાં બેઠા બેઠા મનફાવે તેમ વહીવટ કરે છે. જાણે વિરોધ થાય ત્યારે નોટિસો આપી સંતોષ માની લે છે.વડોદરા મનપાના પ્લોટ પર RMC પ્લાન્ટ બાંધી દેવામાં આવ્યો છે.

ન્યાસા ક્રોસવિંડ નામના બિલ્ડરે મનપાની મંજૂરી વિના RMC પ્લાન્ટ ઉભો કરી દીધો હતો. સમગ્ર મામલો મીડિયામાં આવતા હવે મનપા રહી રહીને જાગ્યું છે અને બિલ્ડરને પ્લોટનું રૂ.૨૯ લાખ ભાડુ ચુકવવા નોટિસ આપી છે. આમ જોવા જઈએ તો સરકાર કે કોર્પોરેશનની જાહેર મિલકત પર કોઈ અનધિકૃત બાંધકામ બાંધી કબજો જમાવે તો લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો નોંધાવી શકાય છે પણ અહીં તો મનપાએ ફક્ત નોટિસ આપી મામલો રફેદફે કરવાનો પ્રયાસ કર્યો હોય તેવી ગંધ આવી રહી છે.

સમગ્ર મુદ્દે વડોદરા કોંગ્રેસ પણ આકરા પાણીએ થઈ છે. કોંગ્રેસે બિલ્ડર વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવા માંગ કરી છે. તેમજ બિલ્ડર પાસેથી ભાડા ઉપરાંત પેનલ્ટી વસૂલવાનો પણ અવાજ ઉઠાવ્યો છે. 'ટીપી સ્કીમની અંદર કપાત થયેલો પ્લોટ જે સરકારનો કહેવાય તેના પર RMC પ્લાન્ટ બાંધી બાંધકામ કરવામાં આવી રહ્યું હતું. જે પ્લોટ પર RMC પ્લાન્ટ ઊભો કર્યો હતો તેની ઝુંપડા ઊભા કરવામાં આવ્યા હતા કયા કપચી નાખવામાં આવી હતી. તો ક્યાંક પ્લોટમાં ડમ્પર પાર્ક કરેલા જોવા મળ્યા હતા. ત્યારે નિયમ અનુસાર જે ૩ હજાર સ્કેવર મીટર છે જેમાં કોર્પોરેશને બજેટમાં જે નવી જોગવાઈ કરી છે કે મનપાએ નક્કી કરેલું ભાડું ભરીને તે પ્લોટ વાપરી શકે. તે મુજબ તેમણે ૨૯ લાખ ભાડુ વસૂલવાનો આદેશ કરવામા આવ્યો છે. સાથે જ કેયૂર રોકડીયાએ કહ્યું હતું કે આ પ્લોટ લેવા જાન્યુઆરી મહિનામાં માંગણી કરી હતી પણ મંજૂરીના અભાવે આ જગ્યા તેમને પ્રાપ્ત થઈ શકી ન હતી. પણ કોર્પોરેશનની જાણ બહાર ચોથા મહિનાથી વાપર ઉપયોગ ચાલુ કર્યો હતો. ત્યારે એપ્રિલ મે અને જુન આ ત્રણ મહિનાનું ભાડું ગણીને ૨૯ લાખ વસૂલ કરવાની કાર્યવાહી કોર્પોરેશન દ્વારા સત્વરે કરવામાં આવી છે.'

અહી મોટો સવાલ એ છે કે જો કોર્પોરેશનની જાણ બહાર આ પ્લોટની વાપરવા પર કેમ કોઈ કડક કાર્યવાહી કરવામા આવી નથી? મનપાના પ્લોટ પર બાંધકામની મંજૂરી લેવી જરુરી એ પણ લેવામાં આવી નથી તો પ્લાન્ટ શીલ તેમજ લેન્ડ ગ્રેબિંગ હેઠળ કાર્યવાહી કેમ નહીં? .

દેખેતી રીતે આ મામલામાં કોર્પોરેશન ઢીલી નીતિ અપનાવતું હોય તેમ લાગી રહ્યું છે. કોઈ પણ પરમીશન વગર જમીન પચાવી મનફાવે તેમ બાંધકામ રૂપે પ્લાન્ટ શરૂ ન કરી દે તે માટે દાખલારૂપ કાર્યવાહીની આ કેસમાં જરૂર હતી પણ માત્ર ભાડા વસૂલીની નોટિસ આપી સંતોષ માની લેવાતા મનપાની નીતિ સામે અનેક સવાલો ઉઠયા છે.

# કોરોનાના વિસ્ફોટ, નવા ૫૯ કેસ, એક્ટિવ કેસનો આંક વધીને 300ને પાર

વડોદરા,તા.૨૯

વડોદરા મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ પ્રમાણે, વડોદરા શહેર-જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૫૯ કેસ નોંધાયા છે.

કોરોનાના કેસની કુલ સંખ્યા ૧,૩૪,૯૯૧ પર પહોંચી ગઇ છે. વધુ ૪૧ દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં કુલ ૧,૩૩,૯૨૮ દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક ૭૫૭ પર પહોંચ્યો છે. વડોદરા શહેર અને જિલ્લામાં એક્ટિવ દર્દીઓની સંખ્યા વધીને ૩૦૬ થઇ છે. હાલમાં હોસ્પિટલોમાં ૭ દર્દી દાખલ છે. જે પૈકી ૨ દર્દી હાલ ઓક્સિજન પર છે. હાલમાં શહેરમાં ૨૩૬ લોકો ક્વોરન્ટીન છે.

વડોદરામાં ગોત્રી, અકોટા, છાણી, ગોરવા, સમા, દિવાળીપુરા, સુભાનપુરા, તાંદલજા, હરણી, જેતલપુર, નવાયાર્ડ, માંજલપુર, પાણીગેટ, તરસાલી, બાપોદ, અટલાદરા, નવીધરતી, માણેજા, આસોજ, સોખડા અને ચોરંદામાં નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. વડોદરામાં ઝોન પ્રમાણે નોંધાયેલા કેસ તરફ નજર કરીએ તો પૂર્વ ઝોનમાં ૫, પશ્ચિમ ઝોનમાં ૩૧, ઉત્તર ઝોનમાં ૦૯ અને દક્ષિણ ઝોનમાં ૮ કેસ નોંધાયા છે અને ગ્રામ્યમાં ૬ કેસ નોંધાયો છે.

# ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની નર્મદા મુખ્ય નહેરોમા ૧૭,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવશે

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૨૯

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતો માટે નહેરો થકી અને નર્મદાની નહેરો સાથે જોડાયેલા તળાવો ભરીને ખેડૂતોને ખરીફ પાકની વાવણીનો મહત્તમ લાભ આપવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા નર્મદા મુખ્ય નહેરોમાં પ્રતિદિન ૧૭૦૦૦ ક્યુસેક પાણી છોડવાનો નિર્ણય હાથ ધરવામાં આવ્યો છે. સતત એક અઠવાડિયા સુધી છોડવામાં આવનાર પાણીથી ૧૧ લાખ હેક્ટર પિયત વિસ્તારમાં ખરીફ પાકની વાવણી સુપેરે ઉપલબ્ધ બનશે તેમ પાણીપુરવઠા અને જળસંપતિ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતો અને આગેવાનોની લાગણી અને માંગણીઓને ધ્યાને લઇ આ વિસ્તારોમાં સિંચાઇ માટે પૂરતુ પાણી ઉપલબ્ધ કરાવવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે નિર્ણય લીધો છે ત્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતો નર્મદા યોજનાનો મહત્તમ લાભ મેળવીને આ વર્ષે સંતોષકારક પાક મેળવી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ શાખા નહેરો અને માઇનોર કેનાલમાં પૂરતા પાણી પહોંચાડીને સિંચાઇનુ પાણી ઉપલબ્ધ કરાવવા પ્રયત્નો હાથ ધરાશે. ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત જોડાયેલા ૭૦૦ થી વધુ તળાવોમાં પણ પાણી નાંખવામાં આવશે. રાજ્યના જે વિસ્તારોમાં વરસાદ ઓછો પડ્યો છે તેવા તમામ વિસ્તારોમાં નર્મદાના પાણીનો લાભ આપવામાં આવશે તેમ મંત્રીએ જણાવતા ઉમેર્યુ હતુ કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા તાજેતરમાં કરમાવત અને મુક્તેશ્વર માટે પણ અલાયદી યોજનાને સૈધ્ધાતિંક મંજૂરી આપવામાં આવી છે. કરમાવત માટે ત્રણ વિકલ્પોમાંથી એક વિકલ્પ પંસદ કરીને ટૂંક સમયમાં જ સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવશે. અંદાજીત રૂ. ૫૦૦ કરોડના ખર્ચે ૧૧૨ હેક્ટર વિસ્તાર ધરાવતા મોટા તળાવમાં પાણી નાંખીને

# નોન-ઈન્ટરલોકિંગ કામના કારણે ટ્રેનોના રૂટમાં ફેરફાર

મુંબઈ, ૨૯

ઉત્તર મધ્ય રેલવેના ઝાંસી ડિવિઝન પર પમા-રસુલપુર ગોગામુ-ભીમસેન સ્ટેશનો વચ્ચે ડબલિંગના કામના સંદર્ભમાં, પશ્ચિમ રેલવેની કેટલીક ટ્રેનોને નીચે પ્રમાણે ડાયવર્ટ કરવામાં આવશે:-

૧. ટ્રેન નંબર ૧૫૦૬૭ ગોરખપુર-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૬ઠ્ઠી અને ૧૩મી જુલાઈ, ૨૦૨૨ ના રોજ ઉપડશે, જેનો રૂટ બદલ્યો છે વીરાંગના લક્ષ્મીબાઈ-ગ્વાલિયર જં. - ભીંડ - ઇટાવા જં. -કાનપુર સેન્ટ્રલ જં. માર્ગે જશે.

૨. ટ્રેન નં. ૧૨૯૪૩ વલસાડ-કાનપુર સેન્ટ્રલ ઉદ્યોગકર્મી એક્સપ્રેસ ૧૩મી જુલાઈ, ૨૦૨૨ના રોજ ઉપડશે, જેનો રૂટ બદલીને વીરાંગના લક્ષ્મીબાઈ-ગ્વાલિયર જં. - આગ્રા કેન્ટ - ટુંડલા જં. - ઇટાવા જં. -કાનપુર સેન્ટ્રલ જં. માર્ગે જશે.

# વડોદરામાં આજે ૪૪મા ચેસ ઓલમ્પિયાડ મશાલ રેલીનું આગમન થશે

વડોદરા, તા.૨૯

ભારત સરકાર દ્વારા ૪૪માં ચેસ ઓલમ્પિયાડનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે દિલ્હીથી મશાલ રેલી નીકળી સમગ્ર ભારત દેશમાં ૭૫ સ્થળોએ જશે. ગુજરાત અને વડોદરા ચેસ એસોસિએશનના સહયોગથી મશાલ રેલી કેવડિયા થી નીકળી તા. ૩૦/૦૬/૨૦૨૨ના રોજ સાંજે ૫:૦૦ કલાકે વાઘોડિયા રમત સંકુલ વડોદરા ખાતે આગમન થશે. જ્યાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની હાજરીમાં ચેસ ગ્રાન્ડમાસ્ટર ચેસ ખેલાડીઓ સાથે ચેસ રમશે. ત્યારબાદ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત વાઘોડિયા રમત સંકુલ થી કલાદર્શન થઈને પ્રતાપ નગર બ્રિજ થી ભવન સ્કુલ તરફ જશે. ત્યારબાદ સુસેન ચાર રસ્તા થી મકરપુરા પેલેસ જામ્બુવા બ્રિજ થઈને સુરત તરફ રવાના થશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહેશે. જિલ્લા રમત વિકાસ અધિકારી જયેશ ભાલાવાલા, જિલ્લા યુવા અધિકારી, નહેરુ યુવા કેન્દ્ર વડોદરા તથા ગુજરાત સ્ટેટ અને વડોદરા ચેસ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## ગાંધીનગર ખાતે ટી.બી. નિર્મૂલન માટે

# રાજયમાં ચાલી રહેલા નેશનલ ટી.બી. એલીમીનેશન પ્રોગ્રામની સમીક્ષા બેઠક યોજાઈ

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૨૯

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને રાજભવન ખાતે ટી.બી. નિર્મૂલન માટે રાજ્યમાં ચાલી રહેલા નેશનલ ટી.બી. એલીમીનેશન પ્રોગ્રામની સમીક્ષા બેઠક યોજાઈ હતી. દેશભરમાં ચાલી રહેલા ટી.બી. નિર્મૂલનના અભિયાનમાં ગુજરાતની સ્થિતિ અંગે આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે રાજ્યપાલને માહિતગાર કર્યા હતા.રાજ્યપાલએ નેશનલ ટી.બી. એલીમીનેશન પ્રોગ્રામ અંતર્ગત રાજ્યમાં થયેલ કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી. તેમણે રાજ્યમાં ટી.બી નિર્મૂલન માટે થઇ રહેલ સરાહનીય કામગીરીની પ્રશંસા કરતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ભારતને વર્ષ ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુક્ત ભારત બનાવવાના સ્વપનની દિશામાં પણ ગુજરાત સંનિષ્ઠ કામગીરી થકી દેશભરમાં પ્રથમ ટી.બી. મુક્ત રાજ્ય બને તે દિશામાં પ્રયાસો કરવા રાજ્યના આરોગ્ય વિભાગને ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. રાજ્યપાલે ગુજરાતને ટી.બી મુક્ત રાજ્ય બનાવવા અંગે નાગરિકોમાં પણ જનજાગૃતિ આવે તે માટે વિવિધ સેમીનાર તેમજ કાર્યક્રમોનું આયોજન કરવા પણ સૂચન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૦-૨૧નાં ટી.બી. પ્રીવેલેન્સ સર્વે અનુસાર દેશમાં પ્રતિ એક લાખની વસ્તીએ કુલ ૩૧૨ ટી.બી.ના કેસ નોંધાય છે, જ્યારે ગુજરાતમાં પ્રતિ એક લાખની વસ્તીએ કુલ ૧૩૭ કેસ નોંધાય છે, જે અન્ય રાજ્યોની સરખામણીએ ખૂબ જ ઓછા છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યના આરોગ્ય વિભાગની સઘન કામગીરીના પરિણામે વર્ષ ૨૦૨૧માં ટી.બી.ના કેસોમાં ૨૦ ટકા જેટલો ઘટાડો થયો તે માટે ગુજરાતને કાંસ્ય કેટેગરીમાં એવોર્ડ એનાયત થયો છે.

# કનૈયાલાલના હત્યારો આતંકી સંગઠન સાથે સંકળાયેલો

ઉદયપુર, તા.૨૯

સમગ્ર દેશમાં ચકચાર મચાવનારા ઉદયપુરના કનૈયાલાલ મર્ડર કેસમાં હવે એક નવો જ ખુલાસો થયો છે. રાજસ્થાનના ગૃહ રાજ્યમંત્રી રાજેન્દ્રસિંહ યાદવે જણાવ્યું છે કે, આરોપી ગૌસ મહોમ્મદ પાકિસ્તાનના એક આતંકવાદી સંગઠન સાથે જોડાયેલો છે અને તેણે ૨૦૧૪-૧૫ના ગાળામાં પાકિસ્તાનમાં ટ્રેનિંગ પણ લીધી હતી. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં રાજસ્થાન પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. આ ઘટનાને પગલે રાજસ્થાનમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. રાજ્યમાં કેટલીક જગ્યાએ દેખાવો પણ થયા હોવાના અહેવાલ છે. રાજસમંદ જિલ્લામાં થયેલા દેખાવોમાં થયેલી ઝપાઝપીમાં એક કોન્સ્ટેબલ ઘવાયો હોવાના પણ અહેવાલ છે.

બંને ગ્રાહકના સ્વાંગમાં મૃતક કનૈયાલાલની દુકાને ગયા હતા, જ્યાં તેમણે શર્ટ સીવડાવવો છે તેવી વાત કરી હતી. કનૈયાલાલ માપ લઈ રહ્યા હતા ત્યારે એક આરોપી વિડીયો ઉતારી રહ્યો હતો, તે જ વખતે અન્ય એક આરોપી ચાકૂથી કનૈયાલાલ પર તૂટી પડ્યો હતો. બંને આરોપીએ આ વિડીયોને સોશિયલ મીડિયા પર પણ વાયરલ કર્યો હતો અને કનૈયાલાલની હત્યાની જવાબદારી સ્વીકારી હતી. આ મામલu NIAએ કેસ દાખલ કર્યો છે અને તેની ટીમ પણ ઉદયપુર પહોંચી ગઈ છે. આરોપીઓ સામે નોંધાયેલી ફરિયાદમાં હત્યા, કાવતરું રચવા ઉપરાંત આઈપીસીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો છે.કનૈયાલાલના પરિવારજનોનો દાવો છે કે તેમણે ૧૫ જૂને પોતાને અસામાજિક તત્વો દ્વારા ધમકી અપાઈ રહી હોવાની ફરિયાદ નોંધાવી


**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc. gov. in

**આકારણી શાખા**

**પ્રોત્સાહક મિલકત વેરા વળતર (રીબેટ) યોજના વર્ષ ૨૦૨૨-૨૩**

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરા શહેરની હદમાં આવેલી તમામ મિલકતોના સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે કુલ મિલકત વેરાની રકમ પાછલા વર્ષોની બાકી સહ પુરેપુરી એડવાન્સમાં ભરપાઇ કરનાર કરદાતાઓને વર્ષ ૨૦૨૨-૨૩નાં મિલકત વેરાના સામાન્ય કર, પાણી કર, કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષની રકમમાં રીબેટ (રાહત) યોજના અમલમાં મુકેલ છે. જે નીચે મુજબ છે.

યોજના :

(૧) તા. ૦૧/૦૭/૨૦૨૨ થી તા. ૩૧/૦૭/૨૦૨૨ સુધી પ્રથમ માસ માટે રહેણાંક મિલકત માટે મિલકત વેરાના સામાન્ય કર, પાણી કર, કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષની રકમમાં ૧૦% અને બીન રહેણાંક મિલકતો માટે ૫% રીબેટ (રાહત) યોજના અમલમાં મુકેલ છે.

(૨) તા. ૦૧/૦૮/૨૦૨૨ થી તા. ૩૧/૦૮/૨૦૨૨ સુધી બીજા માસ માટે રહેણાંક મિલકત માટે મિલકત વેરાના સામાન્ય કર, પાણી કર, કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષની રકમમાં ૭% અને બીન રહેણાંક મિલકતો માટે ૫% રીબેટ (રાહત) યોજના અમલમાં મુકેલ છે.

જેનો લાભ લેવા તમામ કરદાતાઓને જણાવવામાં આવે છે. મિલકત વેરાની રકમ કોઇપણ વહીવટી વોર્ડ નં. ૧ થી ૧૯ની કચેરીમાં કામકાજનાં દિવસ દરમ્યાન સવારના ૯.૩૦ કલાકથી બપોરના ૩.૦૦ સુધીમાં રૂબરૂ તથા વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc. gov. in પર ઓનલાઇન પણ ભરી શકાશે.

પી.આર.ઓ.નં./૨૯૩/૨૦૨૨-૨૩ મ્યુનિસિપલ કમિશનર


# જગન્નાથજીની નેત્રોત્સવ વિધિઃ હર્ષ સંઘવી અને સી.આર.પાટીલ પૂજા વિધિમાં જોડાયા

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૨૯

આજે ભગવાન જગન્નાથજીની નેત્રોત્સવ વિધિનો કાર્યક્રમ મંદિરમાં યોજાયો હતો. આ નેત્રોત્સવ વિધિમાં ભાજપના અધ્યક્ષ સી આર પાટીલ, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, મેયર કિરીટ પરમાર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેશ બારોટ જોડાયા હતા. પહેલીવાર રાજ્યના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી મંદિરના ઘૂંમટ પર ચઢીને ધ્વજારોહણ કર્યું હતું. આ સમયે તેમની સાથે મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. બપોર બાદ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તો, સાધુ-સંતોએ પ્રસાદી ગ્રહણ કરી હતી. ત્યારબાદ મહાઆરતી કરવામાં આવી હતી.

અહીં નોંધવું ઘટે કે, ભગવાન મામાના ઘરેથી નીજ મંદિર પરત ફર્યા છે. એટલે મામાના ઘરે ભગવાન જગન્નાથજીને આંખો આવી છે. જેના કારણે ભગવાનની નેત્રોત્સવ વિધિ યોજાય છે. દરમિયાન રથયાત્રાને લઇ સી આર પાટીલે જણાવ્યું હતુંકે, કોરોના સમયના બે વર્ષ બાદ યોજાઇ રહેલી રથયાત્રાનું લોકોમાં અનેરો આકર્ષણ જોવા મળી રહ્યું છે. રથયાત્રાની તૈયારીઓ ૨-૩ મહિના પહેલા શરૂ કરવામાં આવી હતી. ૧૩ કલાક ચાલતી આ યાત્રા અમદાવાદને ધબકતું રાખે છે. અનેક લોકો રથયાત્રામાં જોડાઈ તેમની બધા પુરી કરતા હોય છે. રથયાત્રા શાંતિપૂર્ણ રીતે થાય તેની જડબેસલાક તૈયારીઓ કરી દેવાઈ છે.

રાજ્યના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે જગન્નાથજી મંદિરમાં ધ્વજારોહણ કર્યા બાદ જણાવ્યું હતું કે, અમદાવાદની જગન્નાથજી યાત્રા ખાસિયત સાથે નીકળે છે. જ્યારે ભગવાન દર્શન આપવા સ્વયંમ નીકળે છે ત્યારે આસ્થા અને વ્યવસ્થાની યાત્રા છે. લોકો આ દિવસે માનતા રાખતા હોય છે એ યાત્રા પછી પૂર્ણ કરતા હોય છે. રથયાત્રામાં બહારથી આવતા શ્રધ્ધાળું માટે દર્શન માટે વ્યવસ્થા મહેમાનની જેમ કરતા હોય છે. તમામ સંગઠન અને સમાજના આગેવાનોએ યાત્રા માટે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. હર્ષ સંઘવીએ રથયાત્રામાં સુરક્ષા અંગે જણાવ્યું હતુંકે, રથયાત્રામાં સીસીટીવી , ટેકનોલોજી, ૨૫૦૦ જેટલા બોડી ઓન કેમેરા, હેલિકોપ્ટરથી નિરીક્ષણ ખાસ આ યાત્રામાં રાખવામાં આવી છે. સોશિયલ પુલીસિંગ પર ખાસ તકેદારી રાખવામાં આવી છે. રથયાત્રામાં સારી રીતે શ્રદ્ધાળું દર્શન કરી શકે તે માટે કેન્દ્ર અને રાજ્ય પોલીસ દળ લાગ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, આજે ધ્વજારોહન કરવાનો મોકો પ્રથમ વખત મને મળ્યો છે. ભગવાન જગન્નાથજીને પ્રાર્થના કરી કે સૌ નાગરિકોના સહયોગથી ગુજરાત આગળ વધે. ભાઈચારો બની રહે તેવી પ્રાર્થના કરી છે.

દરમિયાન નેત્રોત્સવ વિધિ પૂર્વે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે નીજ મંદિરે પહોંચ્યા હતા, જ્યાં ભગવાન જગન્નાથના દર્શન કર્યા હતા. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને મંદિરના મહંત દિલીપદાસજી દ્વારા દેશમાંથી આવેલા સાધુ-સંતોને ભોજન પીરસવામાં આવ્યું હતું. સાધુ સંતો ઉપરાંત અનેક લોકોએ મંદિર તરફથી યોજાયેલા ભંડારામાં મહાપ્રસાદી લીધી હતી. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા પણ વસ્ત્રદાન કરવામાં આવ્યું હતું, અને ભગવાન પાસે દેશની એકતા માટે આશીર્વાદ માંગ્યા હતા.

# રાજયમાં કોરોનાના કેસમાં સતત વધારો, છેલ્લા ૨૪ કલાકમાં ૫૨૯ નવા કેસ નોંધાયા

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં કોરોનાની ચોથી લહેર ધીમે ધીમે તેનું આક્રમક સ્વરૂપ બતાવી રહ્યો છે. આજે ગુજરાતમાં નોંધાયેલા ૫૨૯ કેસ જૂન ૨૦૨૨માં સૌથી વધુ છે. ગુજરાતમાં ૬ મહાનગર સહિત ૧૮ જિલ્લા મળીને કુલ ૨૫ જિલ્લામાં કોરોનાના કેસ નોંધાવા પામ્યા છે. આજે નોંધાયેલા ૫૨૯ કોરોનાના કેસમાં અમદાવાદ, સુરત અને વડોદરામાં થઇને ૩૮૪ કોરોનાના કેસ નોંધાવા પામ્યા છે અર્થાત કોરોનાના ૭૨ ટકા કેસ માત્ર ૩ જિલ્લામાં જ નોંધાયા છે.

આરોગ્ય વિભાગના મંત્રી ઋષીકેશ પટેલના જણાવ્યા અનુસાર ગુજરાતમાં હાલમા ચાલી રહેલી કોરોનાની ચોથી લહેર એટલી ઘાતક નથી, તેમ છતાં પણ હું રાજ્યની પ્રજાને માસ્ક પહેરે અને સોશિયલ ડીસ્ટન્સનું પાલન કરે તેવી અપીલ કરું છું. નોંધનીય બાબત એ છે કે રાજ્યના આરોગ્યમંત્રી ઋષીકેશ પટેલે કોરોનાની બીમારીમાંથી હેમખેમ પાછા આવ્યા છે તો બીજી બાજુ આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કોરોના સંક્રમિત થયા છે.

આજે રાજ્યમાં આજે સાજા થવાનો દર ૯૮.૮૭ ટકા રહ્યો હતો. જ્યારે આજે ૪૦૮ દર્દીઓ સાજા થવાની સાથે અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૭,૬૨૩ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. તો બીજી બાજુ એક્ટીવ કેસની સંખ્યા પણ વધીને ૨૯૧૪ પર પહોંચી ગઇ છે. જેમાં બે દર્દી વેન્ટીલેટર પર છે. આજે કોરોનાના કેસ વધુ હોવા છતા કોઇ મૃત્યુ નોંધાયુ નથી.

અત્યાર સુધીમાં રાજયમાં કોરોનાને લઇને કુલ ૧૦૯૪૬ દર્દીઓના મોત થયા છે. આજે સાંજ સુધીમાં પ્રથમ અને બીજો ડોઝ લેનારા વ્યક્તિઓની સંખ્યા ૫૯, ૨૧૮ રહી હતી તો અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૧,૧૩,૬૧,૯૭૭ વ્યક્તિઓનું રસીકરણ થઇ ચૂક્યુ છે. (સમાસ)

જિલ્લા વાર નોંધાયેલા કોરોનાના નવા કેસની વિગત જોઇએ તો અમદાવાદમાં ૨૨૬, સુરતમાં ૯૯, વડોદરામાં ૫૯, વલસાડમાં ૨૦, ગાંધીનગરમાં ૧૮, કચ્છ, રાજકોટ, નવસારીમાં ૧૩-૧૩, મહેસાણામાં ૧૨, ભરૂચમાં ૧૦, જામનગરમાં ૮, ભાવનગર, પાટણ, આણંદમાં ૫-૫, દાહોદ, પંચમહાલ, સાબરકાંઠામાં ૩-૩, અમરેલી, બનાસકાંઠા, દેવભૂમિ દ્વારકા, મોરબી, પોરબંદર, સુરેન્દ્રનગરમાં ૨-૨ અને ગીરસોમનાથ, ખેડામાં ૧-૧ કેસ થઇને કુલ ૫૨૯ કેસ નોંધાયા હતા.


INEOS STYROLUTION
Driving Success. Together.

**ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ**

**CIN:** L25200GJ1973PLC002436
**રજી. ઓફિસ :** ૫ મો માળ, ઓહમ હાઉસ-૨, ઓહમ બીઝનેસ પાર્ક, સુભાનપુરા, વડોદરા ૩૯૦ ૦૨૩.
ફોન નં. : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨
**E mail :** INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

**વિડીઓ કોન્ફરેન્સિંગ (વીસી) / અન્ય ઓડિયો વિઝુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા આયોજિત ૪૯મી વાર્ષિક સાધારણ સભા.**

કંપનીના શેરહોલ્ડરોએ નોંધ લેવી કે ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ) દ્વારા એપ્રિલ અને મે-૨૦૨૦ માં જારી સામાન્ય પરિપત્ર નંબરો ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦, તથા જાન્યુઆરી અને ડિસેમ્બર, ૨૦૨૧ માં જારી પરિપત્ર નંબરો ૦૨/૨૦૨૧, ૧૯/૨૦૨૧,૨૧/૨૦૨૧ તથા મે-૨૦૨૨ માં જારી સામાન્ય પરિપત્ર નંબર ૦૨/૨૦૨૨ તથા સિક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા જારી લાગુ પડતા પરિપત્રો અને અન્ય લાગુ પડતા બધાજ કાયદા અને પરિપત્રોના અનુપાલન સ્વરૂપ કંપનીની ૪૯મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) મિટિંગની નોટિસમાં દર્શાવેલ કામકાજ કરવા માટે બુધવાર, ૧૦મી ઓગષ્ટ, ૨૦૨૨ ના રોજ ભારતીય સમય અનુસાર સવારે ૧૧.૩૦ વાગ્યાથી વિડિયો કોન્ફરન્સિંગ (વીસી)/અન્ય ઓડિયો વિઝુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા યોજાશે.

- ઉકત પરિપત્રો અંતર્ગત એજીએમની નોટિસની ઇકલેક્ટ્રોનિક કોપીઓ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૦૨૨ કંપની / ડીપોઝિટરી સહભાગી(ઓ) પાસે જેમનાં ઇ-મેઇલ સરનામાં નોંધાયેલાં છે તે બધા શેરહોલ્ડરોને મોકલવામાં આવશે.

- ડીમટીરિયલાઈઝડ માધ્યમમાં શેરો ધરાવતા શેરહોલ્ડરો અને જેમનાં ઈ-મેઈલ સરનામાંની નોંધણી થઈ નથી તેમને તેમનાં ઈ-મેઈલ સરનામાં અને મોબાઈલ નંબરો તેમની ડિપોઝિટરી સહભાગીઓ દ્વારા તેમની સંબંધિત ડિપોઝિટરીઓ પાસે નોંધવી દેવા વિનંતી છે.

- ભૌતિક સ્વરૂપમાં શેરો ધરાવતા શેરહોલ્ડરોને તેમના હોલ્ડિંગ્સ ડિમેટ કરવાની/ તેમના ઈ-મેઈલ સરનામાં અને મોબાઈલ નંબરો કંપનીના રજિસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ, લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિમિટેડ ને vadodara@linkintime.co.in ઉપર મોકલી આપવા વિનંતી છે.

શેરહોલ્ડરોને ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા એજીએમની નોટિસમાં આપ્યા મુજબના રીઝોલ્યુશનના વિષયો પર એજીએમ પહેલાં અથવા એજીએમ દરમ્યાન, તેમના મત આપવાની તક મળશે. ડીમટીરિયલાઈઝડ સ્વરૂપ તથા ભૌતિક સ્વરૂપમાં શેરો ધરાવતા શેર હોલ્ડરો અને જેમનાં ઈમેઈલ સરનામાં નોંધાયા નથી, તેવા શેરહોલ્ડરો માટે દૂરથી અથવા એજીએમ દરમ્યાન મતદાન આપવાની પદ્ધતિ શેરહોલ્ડરો માટેની નોટિસમાં આપવામાં આવશે.

૪૯મી એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૦૨૨, કંપનીની વેબસાઈટ www.ineosstyrolutionindia.com પર , શેરબજારોની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com અને એનએસડીએલની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ કરાશે.

**શેરહોલ્ડરો કૃપા કરીને નોંધ લે કે, ઉકત ઉલ્લેખિત પરિપત્રોને ધ્યાનમાં લેતાં કંપની, એજીએમની નોટિસની અને વાર્ષિક અહેવાલની નકલો શેરહોલ્ડરોને ભૌતિક સ્વરૂપમાં મોકલાવશે નહીં.**

**ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ વતી,**
સહી/-
**અભિજાત સિન્હા**
હેડ - લીગલ એન્ડ કંપની સેક્રેટરી

**તારીખ :** ૩૦મી જુન, ૨૦૨૨
**સ્થળ :** વડોદરા